सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ ડિસેમ્બર ૨૦૦૯ અંક-૩

## વાલીઓને...

### વર્ગ બઢતીના નિયમોમાં ફેરફાર

તાજેતરમાં શિક્ષણ વિભાગે વર્ગ બઢતીના નિયમોમાં ફેરફાર કર્યો છે અને તેમાં અત્યંત મહત્વના બે મુદ્દાઓ ધ્યાનમાં લેવા માટે જણાવ્યું છે. પર્યાવરણ અંગે (૫) ગુણ આપવાનું અને શાળામાંની હાજરી અંગે (૫) ગુણ આપવાનું, આ ફેરફાર મુજબ ઠરાવવામાં આવ્યું છે.

આ આવકારદાયક છે કારણકે આજે પર્યાવરણની જાગૃતિ ભાવિ પ્રજામાં આવે એ ખૂબ જરૂરી છે. પર્યાવરણનો બગાડ આજે આપણી પૃથ્વીને ભયજનક સપાટીએ લઈ ગયો છે હવે તે તરફ દુર્લક્ષ રાખવું તે જોખમકારક છે. વૈશ્વિક તાપમાનને કારણે ઋતુઓમાં ફેરફાર થવા લાગ્યા છે તે આપણો અનુભવ છે. આ પરિસ્થિતિ સ્થિરતા અને શાંતિ બંનેને માટે જોખમ છે. ગ્રીનહાઉસ વાયુઓ કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ ગરમીને જતી અટકાવે છે. આથી વિશ્વનું તાપમાન વધતું ચાલ્યું છે. થોડા વર્ષોમાં પાણીની અછત ઉભી થવાની સ્થિતિ પેદા થશે. આ પરિસ્થિતિ માનવસર્જીત છે અને તેથી આપણે તેને અટકાવવી જરૂરી છે. ભાવિ પ્રજાને આ ભોગવવાનું આવશે એટલે તેઓમાં આ અંગે જાગૃતિ પેદા થાય તેવા ઉપાયો યોજવા જ જોઈએ અને એ સમજણ તેમને આપવી જરૂરી છે.

શાળામાં હાજરીના પ્રશ્નો પણ વધતા ચાલ્યા છે. વિદ્યાર્થીઓ પરીક્ષા અગાઉ અને પરીક્ષા પછી અનિયમિત રીતે શાળાએ જવાનું વલણ ધરાવે છે. આના અનેક કારણો છે. આ માટે વાલીઓ, શાળા અને વિદ્યાર્થીઓનું માનસિક વલણ બધું જ જવાબદાર છે. ઠેરઠેર કોચીંગ વર્ગો ઉભા થયા છે. આમાં જનાર વિદ્યાર્થીઓ શાળાના વર્ગની અવગણના કરતા થયા છે. વર્ગનો થોડોક ભાગ પણ આવી અનિયમિતતા ધરાવતો હોય તો શિક્ષક માટે પ્રશ્નો ઉભા થાય છે.સાથેસાથે શિક્ષકો પણ અપેક્ષિત રીતે બાળકોને ભણાવી શકતા નથી એ હકીકતને પણ અવગણી શકાય નહિ. શિક્ષણમાં સરકારની બિનજરૂરી પક્કડ ખૂબ મજબૂત બની છે. અને કોઈ સરકાર આ પરિસ્થિતિ બદલી શકતી નથી કારણકે અંતે તો નીચે રહેલા અધિકારીઓને કારણે આ બધું બનતુ હોય છે. કાયદામાં ફાજલ શિક્ષકોની કોઈ જોગવાઈ ન હોવા છતાં કોર્ટોનું વલણ પણ ફાજલ શિક્ષકો લેવા જોઈએ તેવો આદેશ આપવાનું બન્યું છે તે અત્યંત કમનસીબ બાબત છે.

આ બધું વિચારીને એવા પગલાં લેવા જોઈએ કે આજે સમાજ De-school (શાળાવિહિન) બની ગયો છે તેની જગ્યાએ ફરીથી બાળકો હસતાં રમતાં શાળાએ જવા થનગને એવું બનવું જોઈએ. ભાવિ પ્રજા માટે આ ખૂબ જરૂરી છે. આ અનિવાર્ય છે તે સમજીએ.

(હસ્તાક્ષર)
ના વંદન

### સ્મૃતિચિત્રો

ઉત્તર ભારતનો નૈનિતાલ વિ.નો પ્રવાસ પૂરો કરી દિલ્હી આવ્યા, ત્યાં અમારો ઉતારો ગુજરાતી સમાજ, અને મહેમાનગતિ હંસરાજભાઈની. ભારે પ્રેમથી સૌ બાળકોને રાખે, તેમણે મને બોલાવી કહ્યું કે અમદાવાદથી તમારા માટે ટ્રંક કોલ છે, જલ્દી આવો.

અમદાવાદથી લલીતા ફેકટરીના માલિક પોપટભાઈનો ફોન હતો કે તમે પ્રવાસમાં ટ્રેનથી આવો છો એટલે બે-ત્રણ દિવસ તો થશે જ પરંતુ મારા પિતાની તબિયત અત્યંત ખરાબ છે અને તેઓ ધીરેનને જોવા ઈચ્છે છે. તો એને પ્લેનમાં અમદાવાદ મોકલી આપો તેવી મારી વિનંતી છે. ધીરેનના દાદાની લાગણી સમજી પરિસ્થિતિ એવી હતી કે ધીરેનને પ્લેનમાં મોકલે જ છૂટકો. અને એટલે હું અને સુરેશભાઈ દિલ્હી એરપોર્ટ પર ધીરેનને લઈને ગયા. પ્લેનની ટીકીટ પણ મળી, ધીરેનનું પ્લેન ઉપડયું પછી અમે ગુજરાતી સમાજ પાછા આવ્યા.

પરંતુ પાછા આવ્યા ત્યારે અમદાવાદથી ફોન આવ્યો કે ધીરેનનું પ્લેન જે અમદાવાદ આવવા નીકળ્યું પછી યાંત્રિક ખામીને કારણે તે જયપુર ન ઉતરતા દિલ્હી પાછું આવ્યું છે. એટલે સવારે બીજા પ્લેનમાં મોકલવાની વ્યવસ્થા કરો. અમે ફરી એરોડ્રોમ પર ગયા, તપાસ કરી તો રીસેપ્શનીસ્ટે કહ્યું કે પેસેન્જરોને સવારના પ્લેનમાં મોકલવાની ગોઠવણ કરી છે. સૌ પોતાના ઘેર પાછા ગયા છે. હવે બહુ કોઈ પેસેન્જર નથી. મેં ગુજરાતી સમાજમાં ફોન કર્યો, પરંતુ ત્યાંથી જવાબ આવ્યો કે ધીરેન અહીં આવ્યો નથી. ત્રણ-ચાર કલાક થવા છતાં ધીરેન ગુજરાતી સમાજ નથી પહોંચ્યો તેવા મેસેજ અમને ગુજરાતી સમાજમાંથી મળતા હતા. અમને ભારે ચિંતા થઈ કે ધીરેન કયાં ગયો ને શું થયું હશે ? સવારના પ્લેનની ટીકીટ માટે ચિંતા ન હતી કેમકે તે પેસેન્જરોની સવારે પ્લેનમાં મોકલવાની જવાબદારી એરઈન્ડીયાએ લીધી હતી, અમે નિરાશ થઈને ત્યાં એક બાંકડા પર બેઠા કે બે-ચાર પેસેન્જરો સૂતા હતા ત્યાં જોયું તો ધીરેન પણ ત્યાં સૂતો હતો અમે તેને ઉઠાડયો. એટલે એક ભાઈ બોલ્યા, આ છોકરાને અમદાવાદ જવું છે, તે મારી સાથે અમદાવાદ આવતો હતો પરંતુ જયપુરથી પ્લેન પાછું ફરતા અમે પાછા આવ્યા છીએ ને સવારે પ્લેનમાં પાછા અમદાવાદ જવાના છીએ, તેના પિતાશ્રીને હું ઓળખું છું એટલે એને અહીં જ રહેવા કહ્યું. ધીરેને પણ તેમને પોતે પ્રવાસમાં આવ્યો છે તેની વિગતો આપી હતી તેથી તે સજ્જનને ધીરેનનો હવાલો આપી અમે પાછા ગુજરાતી સમાજ પર આવ્યા. સવારના શ્રી પોપટભાઈનો ફરી ફોન આવ્યો ને આભાર વ્યક્ત કર્યો ત્યારે અમે નિરાંતની લાગણી અનુભવી.

**દિનુભાઈ દવે**

એક જ સરખી ઉંમરના બાળકોની પણ શક્તિમાં ફેર હોય. તમારું બાળક કોઈ કામ ન કરી શકે અને તેજ ઉંમરનું પડોશીનુ બાળક તે જ કામ કરી બતાવે તો તે વખતે પડોશીના બાળકનાં વખાણ કરી, તમારા બાળકને ઉતારી ન પાડો. - કેટલાક કામ એવાં પણ હશે કે જે કામ પડોશીનું બાળક નહીં કરી શકતું હોય તે કામ તમારું બાળક કરતું હશે. -"બાલમૂર્તિ"માંથી

## 'આ જ સાચું ભણતર'

"આ વખતનું આ વેકેશન તો બહુ લાંબુ લાગ્યું નહીં ? દિવાળી તો કયારનીય પૂરી થઈ ગઈ ને હજી ય સ્કૂલ ખૂલી નહી.. આ ઘેર રહીને તો એવો કંટાળો આવે છે. આનાં કરતાં તો સ્કૂલ હોય તો કેવી મઝા આવે ?

"જા, જા, હવે કેવી વાત કરે છે ? રજા તે કોઈને ન ગમે એવું હોય ! મને તો રજા બહુ જ ગમે.. એમાં ય આ દિવાળીની રજા તો મને એટલી બધી ગમે છે કે ન પૂછો વાત..."

'શું વાત કરે છે ! અરે ! અમારા સાહેબો તો દિવાળીની રજામાં એટલું ઘરકામ આપે, કે એ કરી કરીને ઊંચા જ ન અવાય. દિવાળીનાં પાંચ સાત દિવસ તો માંડ ફટાકડા ફોડીએ. સારા સારાં કપડાં પહેરી બધાંને મળવા જઈએ. સેવ સુંવાળી મીઠાઈ ખાવાની મઝા માણીએ ત્યાં તો પેલા લેસનની ચિંતા મનમાં સતાવ્યા કરે.. બોલ ! મારા બેને તો એકાથી દાન સુધીના ઘડિયા વીસ વાર લખવા આપ્યાં હતાં, કહે..'છોકરાંઓ પછી રજામાં બધું ભૂલી જાય છે..' આટલાં બધાં ઘડિયા લખતાં થાક ન લાગે ?

'અરે ! મને તો એ લખતાં જ એવો કંટાળો આવે...'

'તને તો કંઈ ખબર જ નથી પડતી..અરે ! હું તો રજા પડી ને એ જ દિવસે બેઠો નોટ લઈને લખવા, બે દિવસ એટલું લખ્યું, એટલું લખ્યું કે બધું લેસન પૂરું. હાશ, પછી એવી મઝા પડી ગઈ.. દિવાળીમાં પછી ચોપડીને અડે એ બીજા.. રજામાં ય ભણવાનું હોય તો પછી રજાનો શો અર્થ ?'

'મને તો એમ થઈ જાય છે આ ભણવાનું કોણે કર્યું હશે ? આ ટીચરોને જ આવું લેસન આપ્યું હોય ને તો ખબર પડે કે એવું લેસન કરતાં કેવો કંટાળો આવે છે ! એકેએક વિષયના સાહેબો ને બેનો જાણે ઢગલાબંધ લેસન આપે જ જાય... આપે જ જાય ... યાર ! રજાની મઝા જ બધી મારી કાઢે છે... ને પછી પેલું ગીત ગવડાવશે,

દિવાળીની છૂટ્ટી દિવાળીની છૂટ્ટી
પડી આજે દિવાળીની છૂટ્ટી

રજાની મઝા જ કયાં રહેવા દે છે ! આનાં કરતાં તો સ્કૂલ સારી, ઘેર મમ્મી પપ્પા ય સહેજ રમવા ઘર બહાર ડોકું કાઢીએ તો બૂમ પાડે... 'લેસન પૂરુ કર્યું ?' અરે ! પૂરું થાય એવું લેસન જ કયાં હોય છે ? એ ઢગલાબંધ લેસન પૂરું કરતાં પહેલાં તો રજા પૂરી થઈ જવાની, પછી રજાની મઝા જ કયાંથી કરવાનાં !'

'અરે નંદિષ.. એટલે જ અમારી સ્કૂલમાં તો બહુ જ સારું છે, અમારે ત્યાં તો દિવાળીની રજામાં લેસન જ નથી આપતાં, રજા પડતાં પહેલાં શિક્ષકો બાળકોને જુદા જુદા વિષયો ઉપર પ્રોજેકટ કરવાનુ સોંપે, કોઈને એકલાને સોંપે, કોઈને બે ચારના જૂથમાં સોંપે, જેવો પ્રોજેકટ. પણ એ કરવાની એવી તો મજા આવે, ગુજરાતી, ગણિત, પર્યાવરણ, ભૂગોળ અરે ! અમારા બેનો અને સાહેબો તો કયાંથી ને કયાંથી વિષયો શોધી કાઢે છે, ને અમે એવા સરસ ચાર્ટ અને પ્રોજેકટ બનાવીએ. અરે ! શું મજા આવે છે ! આ વખતે તો પેલા નંદિષે, આદિત્યે, ઉર્જિતે, કેટકેટલા છોકરાંઓએ કેટલા સરસ ચાડિયા બનાવ્યા હતાં !

સ્કૂલ ખૂલવાનાં દિવસે તો જાણે કોઈ પ્રસંગ હોય એવું ધમધમતું વાતાવરણ થઈ ગયું. દરેક વિદ્યાર્થીને એણે કરેલા પ્રોજેકટને પ્રદર્શિત કરવાની તાલાવેલી હતી. જેમના ચાર્ટ અને પ્રોજેકટ મોટાં હતા તેમને મૂકવા તો વાલી જાતે ગૌરવભેર આવ્યાં હતાં.. સૌના મોં પર એક અનેરો આનંદ હતો. જોતજોતામાં તો વર્ગો આ બધાં નમૂનાઓથી ભરાઈ ગયાં ને ખાલી વર્ગો ખોલીને એમાં પ્રોજેકટો ગોઠવવા પડયાં, ચોપડીના પાનામાંથી છોકરાંઓ જે કંઈ મેળવે છે તેનાંથી અધિકગણું વિદ્યાર્થીઓએ આવા પ્રોજેકટ કરવામાંથી મેળવ્યું છે, એની અનુભૂતિ થતી હતી, એમની Creativity રચનાત્મકતા, કલ્પનાશક્તિ, જીજ્ઞાસાવૃત્તિ, સર્જનાત્મકતા બધું જ એમાં ભારોભાર પ્રતિબિંબિત થતાં હતાં. અને એ બધું કર્યાનો એમને જે આત્મસંતોષ અને આનંદ હતો, એનાથી એમનામાં અદ્‌ભૂત આત્મવિશ્વાસ પ્રગટયો હતો. અને એમાંય જયારે એ પ્રોજેકટનું પ્રદર્શન યોજયું ત્યારે તો આખી ય સ્કુલમાં એક ઉત્સવ હોય એવું વાતાવરણ સર્જાયું. દરેક પ્રોજેકટ પાસે જેણે પ્રોજેકટ કર્યાં હોય એ વિદ્યાર્થી જાતે ઉભા રહી સરસ રીતે આખો પ્રોજેકટ સમજાવે, વિજ્ઞાનના પ્રયોગો સમજાવતાં પેલા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ તો એવા સરસ રીતે આખો પ્રયોગ સમજાવતાં હતાં આપણને એમ થાય આ જરૂર ભાવિ વૈજ્ઞાનિકો જ છે, છોકરાંઓને ચોપડીનાં પાનાની બહાર માથું કાઢવા દઈએ તો ચારે બાજુ નજર દોડાવીને છોકરાંઓ કેટકેટલી માહિતી એકત્રિત કરી લાવે છે ! ઈશ્વરે તેમનામાં કેટલી બધી જીજ્ઞાસાવૃત્તિ મૂકી છે ! પણ આપણે તો ચોપડીના પાનાની માહિતી ગોખાવી ગોખાવીને એમાંથી માર્કસ મેળવવા પાછળ જ એમની સારી ય શક્તિને વેડફી દઈએ છીએ, લેસનમાંથી ને ગોખણપટ્ટીમાંથી એમને ઉંચા જ આવવા દેતાં નથી, પછી એમની બુધ્ધિ ખીલે જ કયાંથી ? એમનો વિકાસ જ કયાંથી થાય ! પણ આવું ઘરકામ આપવાથી એમને ખૂબ રસ પડે છે. વિષયમાં ઉંડા ઉતરે છે અને સર્જનાત્મકતા ખીલે છે.

**ઊર્મિલા શાહ**

## શૈક્ષણિક પ્રદર્શન

તા.૧૪-૧૧-૦૯ને બાળદિન નિમિત્તે શારદામંદિર મોડર્ન સ્કૂલ અને શારદામંદિર શિશુમંદિરનાં ઉપક્રમે એક શૈક્ષણિક પ્રદર્શન યોજવામાં આવ્યું. છેલ્લા કેટલાક વર્ષોથી શારદામંદિરના બાળકોને વેકેશનમાં ઘરકામને બદલે નવા નવા પ્રોજેકટ કરવાનું ઘરકામ સોંપવામાં આવે છે. બાળકો તેમાં તેમની રચનાત્મક શક્તિ કામે લગાડી અને ખૂબ બુધ્ધિપૂર્વક ખૂબ સારા પ્રોજેકટ તેયાર કરીને સ્કૂલ ખૂલતાં લઈને આવે છે. નવું નવું શોધી લાવે છે, જાણી લાવે છે ને સરસ રીતે રજૂ કરે છે, આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન **ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટના** શુભહસ્તે કરવામાં આવ્યું. એમણે ખૂબ રસપૂર્વક પ્રદર્શન જોયું અને વિદ્યાર્થીઓની રજૂઆત અને વિજ્ઞાનના પ્રયોગો અને નિદર્શનોથી ખૂબ જ પ્રભાવિત થયાં. તેમનાં પ્રવચનમાં તેમણે ગુજરાતના આ ભાવિ ઘડવૈયાઓ માટે ખૂબ ઉજળી તકો અને આશાવાદ વ્યક્ત કર્યો.

**મા.શ્રી અશોકભાઈનો પ્રતિભાવ :**

**'આ શાળા સાથેના અનેક સંભારણાં છે. ગુરુદેવ દિનુભાઈ અને અન્ય સહાયકોએ કરેલી બાળકોની સેવાની અનુભૂતિ આ પ્રદર્શનમાં થાય છે. આજની મારી મુલાકાત એકવીસમી સદીના ત્રીજા-ચોથા દાયકાના દર્શન છે.'**

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે પધારેલ **શ્રી ચંદ્રકાંતભાઈ ઠક્કરે 'મેહ'** પણ વિદ્યાર્થીઓના આ કાર્યને ખૂબ બિરદાવ્યું. એટલું જ નહીં પણ એમણે તો એવું પણ કહ્યું કે 'મારે તો આ પ્રદર્શન સારા ય ભારતને દેખાડવું છે. બાળકોમાં રહેલી અપાર શક્તિનાં તેમાં દર્શન થાય છે.' **મુ.દિનુભાઈએ** બંને મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું અને આભાર વ્યક્ત કર્યો.

ખાસ કરીને પ્રદર્શનમાં વાલીઓનો સાથ અને સહકાર પણ અભિવ્યક્ત થતાં હતાં. બાળકને માબાપનો સમય જોઈએ છે, એમની સહભાગીદારી જોઈએ છે, એનાથી બાળકનો ઉત્સાહ અનેકગણો વધી જાય છે, વાલીઓનો પ્રતિભાવ હતો કે આવા પ્રોજેકટથી અમે અમારા બાળકોમાં ખૂબ રસ લેતાં થયાં અને એમની ખૂબ નજીક આવ્યાં એમાંય એક વાલી શ્રી રઘુવીરભાઈ પૂજારાએ તો તેમનો પ્રતિભાવ સુંદર રીતે વ્યક્ત કરતાં પત્રમાં

લખ્યું છે,

'આ વખતે વેકેશનમાં બાળકોની સાથે રહીને તેમને અલગ-અલગ પ્રોજેક્ટસ બનાવવા માટેનું માર્ગદર્શન આપવાની ખૂબ જ મજા આવી. આવા સદ્કાર્યો દ્વારા બાળકો સાથે એક અલગ જ પ્રકારની સંવાદિતા સધાય છે અને પારિવારિક મૂલ્યો વધુ ખીલે છે... મજબૂત થાય છે તેવું અંગત રીતે માનું છું. શીખવા માટે કોઈ ઉંમર નાની-મોટી નથી તેવું અનુભવ્યું.

શાળામાંથી ભણતર પૂરું કર્યા પછી, ભણતર ભૂલાઈ જાય પછી પણ બાળકમાં જે કાંઈ રહી જાય છે તે જ કદાચ કેળવણી છે. આપ સૌ શિક્ષકોનાં સહિયારા માર્ગદર્શન અને પ્રેરણાદાયી પ્રયત્નોથી બાળકનો "માંહ્યલો" આ બધાં પ્રોજેક્ટમાં ખીલી ઉઠેલો દેખાતો હતો.

આજે શાળામાં બાળકોએ દિવાળી વેકેશનમાં બનાવેલ "પ્રોજેક્ટસ" ને જોવાની તક મળી. જોઈ ખૂબ જ આનંદ થયો અને મારા બંને બાળકોને યોગ્ય શાળામાં જ મૂકયા છે તેવી ફરી એકવાર ખાતરી થઈ.'

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**બાલવાડી :** દિવાળીનું વેકેશન પૂરું થતાં જ શિયાળાની સવારની ગુલાબી ઠંડીમાં બાળકો રંગબેરંગી ગરમ કપડામાં સજ્જ થઈ થનગનતા બાલમંદિરમાં આવી ગયાં છે. બાલમંદિરમાં આ ભૂલકાંઓને દટ્ટાપેટી, મિનારો, પહોળી સીડી, લાંબી સીડી, દળવું , ખાંડવું, શીશામાં પાણી ભરવું, જીવન વ્યવહારની આ પ્રવૃત્તિઓ કેટલી બધી ગમે છે ! બાળકોને વાર્તા સાંભળવી પણ ખૂબ ગમે છે. 'ભૂંડી ઉંદરડી' અને 'બકરી અને તેનાં બચ્ચાં' નાટકરૂપે રજૂ થતાં તો બાળક તેમાં તન્મય થઈ જાય છે. 'મગર અને વાંદરા'ની વાર્તા પપેટ દ્વારા જોવાની પણ ખૂબ મઝા આવી. બાળકોએ નાના ચિત્રો અને આકૃતિઓ દોરી તેના પર ફૂલો ગોઠવી સરસ મજાની રંગોળી બનાવી. બાળકોએ જલારામ મંદિરની મુલાકાત લીધી.

**બાલમંદિર :** દિવાળીની રજાની મઝા માણી બાળકો ફરી પ્રસન્નતાથી બાલમંદિરમાં આવી પહોંચ્યા. સૌના મોં પર આનંદ અને તરવરાટ હતાં.

તા.૧૪-૧૧-૦૯નાં રોજ નહેરુ ચાચાનાં જન્મદિન 'બાળદિન' નિમિત્તે બાળકોને 'આરામ હરામ હૈ' ની વાત સમજાવી પ્રવૃત્તિશીલ રહેવા માટે પ્રેરણા આપી.

શિયાળો આવી પહોંચતા હવે સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકોને કસરતના ફાયદા સમજાવવામાં આવ્યા.

તા.૨૭-૧૧-૦૯ને શુક્રવારે 'દલાતરવાડી'ની વાર્તા પપેટ દ્વારા નીહાળી બાળકો ખુશખુશાલ થઈ ગયા. અને તેમાંય રીંગણાના શોખીન દલા તરવાડીને કૂવામાં ડૂબકાં ખાતા જોઈને તો ભારે આનંદમાં આવી ગયા.

તાલીમના બાળકોને અકસ્માતનાં પાઠ દ્વારા ટ્રાફિકના નિયમોની સમજ આપી રસ્તા પર કેવી રીતે ચાલવું અને અકસ્માત ન થાય તે માટે શું સંભાળ રાખવી તે સમજાવ્યું.

સરકસના પાઠ દ્વારા જોકર અંગે તેમજ પ્રાણીઓના અવનવા ખેલની સમજ આપી.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**તોરણ સ્પર્ધા :** તા.૬-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | નિકેત રસાણિયા | ગંગોત્રી |
| દ્વિતીય | ચાંદની પટેલ | મેઘનાદ |
| | ચાંદની અદાણી | ધવલગિરિ |
| તૃતીય | રૂચા ઠાકર | ગંગોત્રી |

**આરતી સ્પર્ધા :** તા.૬-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | માનસી પરીખ | રત્નદીપ |
| દ્વિતીય | કશ્યપ ગોહેલ | મેઘનાદ |
| | હેત મિસ્ત્રી | મેઘનાદ |
| | નિષ્ઠા દેસાઈ | ગંગોત્રી |
| તૃતીય | દ્રષ્ટિ શાહ | રત્નદીપ |
| | કલગી શાહ | ગંગોત્રી |
| | દ્વિજ જાની | ધવલગિરિ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૯-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | દ્રષ્ટિ શાહ | રત્નદીપ |
| | મૈત્રી ત્રિવેદી | મેઘનાદ |
| દ્વિતીય | અનેરી પટેલ | ગંગોત્રી |
| | હીના શુકલ | રત્નદીપ |
| તૃતીય | શીલા કોન્ટ્રકટર | રત્નદીપ |
| | કલગી શાહ | ગંગોત્રી |

**રંગોળી સ્પર્ધા :** તા.૯-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | નિરાલી ભટ્ટ | રત્નદીપ |
| દ્વિતીય | હેત શાહ | ગંગોત્રી |
| તૃતીય | ગરીમા મહેતા | ધવલગિરિ |
| | હેત્વી ત્રિવેદી | મેઘનાદ |

તા.૭-૧૦-૦૯ના રોજ ધોરણ ૩ અને ૪ માટે દાંડિયા શણગારવાની સ્પર્ધા યોજવામાં આવી.

તા.૨૪-૧૧-૦૯ના રોજ સ્વયંશિક્ષણદિન યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ખૂબ સરસ રીતે શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૪-૧૨-૦૯ના રોજ ધોરણ ૧ અને ૨ માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**તોરણ સ્પર્ધા :** તા.૬-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | શ્વેતા દેલવાડિયા | મેઘદૂત |
| દ્વિતીય | પૂર્વાંશી ઠક્કર | ગીતગોવિંદ |
| | વિદિશા શાહ | મેઘદૂત |
| | મીત શાહ | ગીતગોવિંદ |
| તૃતીય | ખુશ્બુ ઠક્કર | ચંદ્રમૌલિ |
| | ધ્વનિ શાહ | પદ્મપુકુર |

**રંગોળી સ્પર્ધા :** તા.૬-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | અવની કથિરિયા | મેઘદૂત |
| દ્વિતીય | કૃતિ શાહ | ચંદ્રમૌલિ |
| | આરતી મર્થક | મેઘદૂત |
| તૃતીય | પ્રિયાંશી ઠક્કર | ગીતગોવિંદ |
| | એકતા કાપડીયા | ગીતગોવિંદ |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૯-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | માર્ગી જોશી | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | દિપશ્રી હેરમા | ગીતગોવિંદ |
| | ખુશી બ્રોકર | મેઘદૂત |
| તૃતીય | અલય શાહ | ચંદ્રમૌલિ |
| | સ્વાતિ દેલવાડિયા | પદ્મપુકુર |

**આરતી સ્પર્ધા :** તા.૯-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | મીત શાહ | ગીતગોવિંદ |
| દ્વિતીય | ખુશ્બુ ઠક્કર | ચંદ્રમૌલિ |
| તૃતીય | પૂર્વાંશી ઠક્કર | ગીતગોવિંદ |
| | ધ્વનિ શાહ | મેઘદૂત |
| | નેન પટેલ | પદ્મપુકુર |

**ન્યૂઝ રીડીંગ સ્પર્ધા :** તા.૮-૧૨-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃતિ શાહ | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | ક્રિશ્ના શાહ | ચંદ્રમૌલિ |
| તૃતીય | માનુષ પટેલ | મેઘદૂત |

## Shardamandir Modern School

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**રંગોળી સ્પર્ધા :** તા.૯-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | શિવાની ઉપાધ્યાય | અમલતાસ |
| દ્વિતીય | શિવાની શાહ | પલાશ |
| | કુશલ શાહ | કદંબ |
| તૃતીય | વૈશલ શાહ | પલાશ |
| | લવ પટેલ | પારિજાત |
| | આયુષી કોઠારી | કદંબ |

**Observation Skill નિરિક્ષણ ચાતુર્ય** તા.૯-૧૦-૦૯

| | | |
|---|---|---|
| પ્રથમ | મૌલિ સોની | પલાશ |
| દ્વિતીય | મનન જોશી | કદંબ |
| | નિર્વન દવે | પારિજાત |
| તૃતીય | તુલસી મહેતા | કદંબ |
| | વૈશલ શાહ | પલાશ |

**નિબંધ સ્પર્ધા :** તા.૨-૧૨-૦૯

| | | | |
|---|---|---|---|
| અંગ્રેજી | પ્રથમ | સાહિલ ઠક્કર | પલાશ |
| | દ્વિતીય | ધ્રુવિન ભટ્ટ | પલાશ |
| | | હર્ષિત શાહ | અમલતાસ |
| | તૃતીય | વરુણ રાવલ | કદંબ |
| | | અનુરાગ દલાલ | પલાશ |
| | | ખુશ્બુ દેસાઈ | અમલતાસ |
| હિન્દી | પ્રથમ | મેહા શાહ | કદંબ |
| | દ્વિતીય | નિહાલી ટી.શાહ | પલાશ |
| | | શિવાની ઉપાધ્યાય | અમલતાસ |
| | તૃતીય | સૃષ્ટિ શાહ | પારિજાત |
| | | લવ પટેલ | પારિજાત |
| | | વૈશલ શાહ | પલાશ |
| ગુજરાતી | પ્રથમ | મંથન શાહ | કદંબ |
| | દ્વિતીય | નિહાલી ટી.શાહ | અમલતાસ |
| | | વિશાલ હાપલીયા | અમલતાસ |
| | તૃતીય | મૌલિ સોની | પલાશ |

તા.૧૦-૧૦-૦૯નાં રોજ ધો.૩ અને ધો.૪ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે કોડિયા-સુશોભન સ્પર્ધા યોજાઈ. બાળકોએ ખૂબ સુંદર કોડિયા બનાવ્યા હતા.

## અભિનંદન

| સંસ્થા | વિદ્યાર્થીનું નામ | ઈનામ |
|---|---|---|
| | **નિબંધ સ્પર્ધા** | |
| અખિલ હિંદ મહિલા પરિષદ | નેહા ત્રિવેદી ધો.૫ | પ્રથમ |
| એલિસબ્રીજ શાખા | વોરા રિધ્ધિ ધો.૬ | પ્રથમ |
| | રીચા ભટ્ટ ધો.૭ | દ્વિતીય |
| | **ચિત્ર** | |
| ધી એકસપેરીમેન્ટ ઈન | હેત્વી ઝવેરી | આશ્વાસન |
| (૧)ઈન્ટરનેશનલ લીવીંગ | રાજવી કાજીવાલા ધો.૬ | પ્રથમ |
| (૨)અખિલ હિંદ મહિલા | હેત્વી દેસાઈ ધો.૬ | દ્વિતીય |
| પરીષદ અમદાવાદ શાખા | ગરિમા મહેતા ધો.૭ | તૃતીય |
| | **ચેસ** | |
| ઓરીએન્ટ કલબ | તિગ્માંશુ દવે | |
| મેઘમણિ ઓપન ગુજરાત | ધૈર્ય દવે | |
| ઈન્ટર સ્કુલ ટુર્નામેન્ટ | | |
| મુન્શા ચેસ ટ્રોફી | તિગ્માંશુ દવે | |
| | ધૈર્ય દવે | |
| વિશ્વભારતી ચેસ એકેડમી | તિગ્માંશુ દવે | |
| ઓપન ચેસ ટુર્નામેન્ટ | ધૈય દવે | |
| કર્ણાવતી ચેસ એકડમી ઈન્ટર | તિગ્માંશુ દવે | પાંચમું |
| સ્કુલ ચેસ ટુર્નામેન્ટ | ધૈર્ય દવે | |
| ગુર્જર ચેસ એકેડમી ઈન્ટર | તિગ્માંશુ દવે | |
| સ્કુલ સીરીઝ -૨ ચેસ | ધૈર્ય દવે | |
| ચેસ ટુર્નામેન્ટ | | |
| ડિસ્ટ્રીકટ અન્ડર u-11 | તિગ્માંશુ દવે | |
| u-13 | ધૈર્ય દવે | દ્વિતીય |
| | ઓમ દવે,તિગ્માંશુ દવે, | શાળાને |
| | અક્ષત સથવારા, વિરતી શાહ | દ્વિતીય ઈનામ |
| ગુજરાત સટેટ ચેસ | ઓમ દવે | તૃતીય |
| એસોસીએશન | | |

### સંતાનને પણ કંઈક કહેવા દો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય સમાજને ખૂબ ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન કરીને સમાજને સેવા પૂરી પાડી રહ્યું છે.

"સંતાનને પણ કંઈક કહેવા દો" એ શીર્ષક નીચે વાલીઓને માર્ગદર્શક બને તેવું પ્રકાશન તાજેતરમાં પ્રકાશિત કર્યું છે. જેના લેખિકા સંસ્થાના કો-ઓર્ડિનેટર ડૉ.ઊર્મિલાબેન શાહ છે.

"બાળક શું સમજે" એવો અભિગમ અણસમજુ વાલીઓ ધરાવતા હોય છે પરંતુ બાળક પણ મૌલિક ચિંતન કરતું હોય છે અને પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરતું જ હોય અને તેમની વાત કાને ધરવી જોઈએ.

જાગૃત વાલીઓ માટે આ પ્રકાશન ઉપયોગી બનશે.

રમકડું સમજનારા માબાપ ( બાળકને કંઈક કહેવા દેવાની તક આપે ને એને સાંભળે એ) માટે આ પુસ્તક દિશાદર્શક છે. ( દિવ્ય ભાસ્કર)

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com